# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

❖ **બી.એડ., એમ.એડ., એમ.એસ.સી, એમ.એસ.ડબ્લ્યુ, એમ.આર.એસ., અને પી.જી.ડી.એમ.એલ.ટી. ડિગ્રીની ઓફલાઈન રાઉન્ડ અંગે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજો માટેની સૂચના :**

1) શૈક્ષણિક વર્ષ : 2024-25 માટે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં ચાલતા B.Ed, M.Ed, M.Sc, M.R.S, M.S.W અને P.G.D.M.L.T અભ્યાસક્રમો માટે યુનિવર્સિટીની કેંન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા બે રાઉન્ડમાં ઓનલાઇન પ્રવેશ આપ્યા બાદ અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર ખાતેથી મળેલ સૂચના અનુસાર યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં મંજુર થયેલ ઈન્ટેકની મર્યાદામાં ખાલી રહેતી બેઠકો પર વિદ્યાર્થીઓને ઓફલાઈન પ્રવેશ આપવાની કાર્યવાહી કરવા જણાવેલ હતું તે અનુસાર તારીખ **30 જુલાઈ 2024** સુધી ઓફલાઈન પ્રવેશ આપવામાં આવ્યા હતા ત્યાર બાદ પણ યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોમાં ખાલી રહેલ બેઠક પર તારીખ **07 ઓગસ્ટ 2024** સુધી વિધાર્થીઓની પ્રવેશ અંગે અરજી સ્વીકારી તારીખ **08 ઓગસ્ટ 2024** ના રોજ યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ સ્તરેથી સ્વીકારેલ અરજીઓનુ મેરીટ જાહેર કરવું. યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ સ્તરેથી જાહેર કરેલ મેરીટ મુજબ તારીખ **10 ઓગસ્ટ 2024** સુધી ઓફલાઈન રાઉન્ડમાં પ્રવેશ અંગેની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરવી.

➢ **પ્રવેશ આપવા અંગે.**

1) દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોએ યુનિવર્સિટી એકેડમિક વિભાગ દ્વારા જે તે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજ માટે મંજુર થયેલ સંખ્યા ની મર્યાદામાં ખાલી રહેલ બેઠક પર જ સરકારશ્રી તેમજ યુનિવર્સિટીના નિયમો અનુસાર જે તે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ સ્તરેથી પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.
2) જે વિધાર્થીઓએ GCAS પર ફોર્મ સબમિટ કરેલ નથી તેવા વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન 300 રૂપિયા રજીસ્ટ્રેશન ફી લઈને યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજ ને આપવામાં આવેલ GCAS લોગીન દ્વારા લોગીન થઈને ALLOTMENT મેનુ પર રહેલ DIRECT ADMISSION FORM ઓપન કરવાનું રહેશે ત્યારબાદ વિદ્યાર્થીઓની વિગતો ઉમેરી OTP દ્વારા એડમિશન કન્ફર્મ કરવાનું રહેશે. ત્યારબાદ તે વિધાર્થીનું એડમિશન **"admission.ngu.ac.in"** પર પણ કન્ફોર્મ કરવાનું રહેશે.
3) વિદ્યાર્થી પાસેથી મેળવેલ ઓફલાઈન રજીસ્ટ્રેશન ફી યુનિવર્સિટી / GCAS દ્વારા સૂચવવામાં આવે તે ખાતામાં જમા કરવાની રહેશે.
4) દરેક યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજોને પ્રવેશ અંગે કોઈ પણ સમસ્યા જણાય તો હેલ્પલાઇન નંબર : 8511582709 પર સંપર્ક કરવાનો રહેશે.

5) ઉપરોક્ત વિગતે યુનિવર્સિટી ભવનો / સંલગ્ન કોલેજો દ્વારા ઓફલાઈન પ્રવેશ અંગેની સંપૂર્ણ પ્રક્રિયા **10 ઓગસ્ટ 2024** સુધીમાં પૂર્ણ કરવાની રહેશે ત્યારબાદ પ્રવેશ અંગેની તારીખ લંબાવવામાં આવશે નહિ.

❖ **ઓફલાઈન રાઉન્ડ અંગે વિધાર્થીઓ માટે અગત્યની સૂચના.**

➢ શૈક્ષણિક વર્ષ : 2024-25 માટે વિધાર્થી જે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ માં પ્રવેશ મેળવવા ઈચ્છે છે તે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ નો સંપર્ક કરવાનો રહેશે.

## સમય પત્રક

| ક્રમ | માહિતી | તારીખ |
|---|---|---|
| 1 | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ મા બી.એડ., એમ.એડ., એમ.એસ.સી, એમ.એસ.ડબલ્યુ, એમ.આર.એસ., અને પી.જી.ડી.એમ.એલ.ટી. અભ્યાસક્રમો માટે પ્રવેશ મેળવવા ઇચ્છુક હોય તેવા તમામ વિધાર્થીઓની પ્રવેશ માટે અરજી સ્વીકારવી. | **07 ઓગસ્ટ 2024 સુધી.** |
| 2 | 07 ઓગસ્ટ 2024 સુધી પ્રવેશ મેળવવા ઇચ્છુક વિધાર્થીઓ માટે સ્વીકારેલ અરજી અંગે યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ સ્તરેથી મેરીટ જાહેર કરવું. | **08 ઓગસ્ટ 2024** |
| 3 | યુનિવર્સિટી ભવન / સંલગ્ન કોલેજ સ્તરેથી જાહેર કરેલ મેરીટ અનુસાર ઓફલાઈન પ્રવેશ અંગેની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરવી. | **10 ઓગસ્ટ 2024 સાંજે 6:00 વાગ્યા સુધી.** |